# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **પહેલગામ આતંકવાદી હુમલાનો ભોગ બનેલા ગુજરાતના ત્રણ પ્રવાસીઓના મૃતદેહ તેમના વતન પહોંચ્યા - ભાવનગરમાં પિતાપુત્રની અંતિમ યાત્રામાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે.**
2. **પહેલગામના હુમલામાં ભોગ બનેલા ત્રણ પ્રવાસીઓના પરિજનોને પાંચ-પાંચ લાખ રૂપિયાની સહાયની રાજ્ય સરકારની જાહેરાત - ઇજાગ્રસ્તોને પચાસ હજારની સહાય.**
3. **પહેલગામ આતંકવાદી હુમલાના મૃતકોને રાજ્યભરમાં શ્રધ્ધાંજલી અપાઇ આતંકવાદીઓ સામે કડક હાથે કાર્યવાહી કરવા માંગણી.**
4. **પંચાયતી રાજ દિવસ નિમિત્તે મુખ્યમંત્રી મહેસાણામાં વિવિધ કાર્યક્રમોના ઉપસ્થિત રહેશે.**
5. **આગામી બે દિવસ દરમિયાન રાજ્યના તાપમાનમાં વધારો થવાની હવામાન વિભાગની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# DEAD BODY ARRIVES IN GUJARAT

જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલામાં ભોગ બનેલા ત્રણ ગુજરાતી પ્રવાસીઓના મૃતદેહ વિમાન માર્ગે રાજ્યમાં પરત લવાયા. ભાવનગરના બે મૃતકના મૃતદેહ અને તેમના ચાર સંબંધીઓને અમદાવાદ સુધી હવાઈ માર્ગે અને ત્યાંથી વાહન દ્વારા તેમને ભાવનગર પહોંચાડવામાં આવ્યા. આજે સવારે મૃતદેહોને અંતિમવિધિ માટે તેમના ઘરે લઈ આવવામાં આવ્યા. થોડીવાર બાદ પિતા પુત્રની અંતિમયાત્રા તેમના નિવાસ્થાનેથી નીકળશે. અંતિમ યાત્રામાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા સહિતના નેતાઓ અને ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

જ્યારે સુરતના એક મૃતકના મૃતદેહ સાથે તેમના છ સંબંધીઓને શ્રીનગરથી દિલ્હી અને ત્યાંથી હવાઈ માર્ગ દ્વારા સુરત પહોંચાડવામાં આવ્યા. મૃતક યુવકની અંતિમ યાત્રા સવારે આઠ વાગ્યે નિકળશે. જેમાં કેન્દ્રિય મંત્રી સી.આર. પાટીલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિત નેતાઓ અને ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

આ હુમલાને કેન્રીથિય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સખત શબ્દોમાં વખોડ્યો છે.

## (બાઈટ – સી.આર.પાટીલ, કેન્દ્રીય મંત્રી)

રાજ્ય સરકારે આ હુમલામાં જીવ ગુમાવનારાના પરિવારજનોને 5 લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય જાહેર કરી.

---

# SECTURITY MESURES

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ હવે રાજ્યના સરહદી અને ધાર્મિક સ્થાનો ઉપર સલામતીની ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કચ્છની

ધોળાવીરા બોર્ડરથી આવતા - જતા વાહનોની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ અને BSFના જવાનો દ્વારા તપાસ અને ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે..

જ્યારે તકેદારીના ભાગરૂપે રાજ્યના ધાર્મિક સ્થાનો ઉપર પણ સલામતીની ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવી રહી છે. દ્વારકાના જગતમંદિર અને પ્રથમ જ્યોતિલિંગ સોમના મહાદેવ મંદિર ખાતે સલામતી વધારી દેવાઇ છે.. મંદિર પરિસરમાં બોમ્બ સ્કવોડની ટીમ પણ તૈનાત કરાઈ છે.મંદિર આસપાસ વિસ્તારોમાં સઘન ચેકીંગ હાથ ધરાયું છે..

બનાસકાંઠાના પ્રસિધ્ધ અંબાજી મંદિર ખાતે પણ સલામતીની સઘન વ્યવસ્થા કરાઇ છે.

---

# SHRADHANJALI

પહેલગામ આતંકવાદી હુમલાના મૃતકોને રાજ્યભરમાં શ્રધ્ધાંજલી આપવામાં આવી અને આતંકવાદીઓ સામે કડક હાથે કાર્યવાહી કરવાની પણ માંગણી કરવામાં આવી.

આતંકી હુમલામાં મૃત્યુ પામેલા સુરત શહેરના યુવકને મંત્રીઓ અને ધારાસભ્યોએ પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી અને મૃતકના પરિજનોને સાંત્વના પાઠવી હતી. આ સાથે જ સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભગવાનને પ્રાર્થના કરી, શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

પાટણ શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ સેવા વિભાગ દ્વારા દિવંગતોની આત્માને શાંતી મળે તે માટે પાણીના કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને મૃતાત્માઓની શાંતિ અર્થે કોંગ્રેસે પણ કેન્ડલ માર્ચ યોજી હતી

ભારતનો સામ્યવાદી પક્ષ માર્ક્સવાદી સીપીએમના રાજ્યમંત્રી મંડળના સભ્યોએ માંગણી કરી છે કે કેન્દ્ર સરકાર આ હુમલાની ઊંડાણપૂર્વક તપાસ કરી આતંકવાદીઓને કડકમાં કડક જવાબ આપે.

અખિલ ભારતીય જનવાદી મહિલા સમિતિ , ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઇન્ડિયા, ગુજરાત કિસાન સભા અને સીઆઇટીયુ સંકલિત તમામ યુનિયનો દ્વારા પણ આ હુમલાને સખત શબ્દોમાં વખોડી અને મૃત્યુ પામેલાઓને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી.

જામનગરમાં પણ વિવિધ સંસ્થાઓ દ્વારા આતંકવાદનો વિરોધ કરાયો હતો. તેમજ આતંકવાદીના પૂતળાનું દહન પણ કરાયું હતું.

જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ગાંધીનગરમાં કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે. 079-232-56720 આ જાહેર કરેલા નંબર અને ઇમેલ એડ્રેસ ઉપર પ્રવાસીએ નામ, ઉંમર અને મોબાઈલ નંબર તેમજ હાલનું લોકેશન આપવાનું રહેશે .

---

# PANCHAYATI RAJ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાનો ‘રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ’ મહેસાણાના આખજ ખાતે યોજાશે. તેમજ પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષના વર્કશોપમાં પણ ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બિહારના મધુબની ખાતેથી રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે કાર્યક્રમમાં ભાગ લેશે.. આ કાર્યક્રમ અંતર્ગત તેઓ દેશભરમાં વર્ચ્યુઅલી સંબોધન કરશે તેમજ વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્તની સાથે વિવિધ લાભોનું પણ વિતરણ કરવાના છે.

---

# PANCHAYATI RAJ DIVAS

આજે 24 એપ્રિલે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ દિવસ વર્ષ 1992માં પસાર થયેલા 73મા બંધારણીય સુધારા અધિનિયમની યાદ અપાવે છે. સાંભળીએ એક અહેવાલ.

## (વૉઈસકાસ્ટઃ રીટા દવે)

(પંચાયતી રાજ મંત્રાલય દ્વારા વર્ષ 2022-23 માટે તાજેતરમાં પહેલી વાર પંચાયત પ્રગતિ સૂચકાંક એટલે કે , P.A.I. જાહેર કરાયો, જેમાં દેશભરની કુલ બે લાખ 16 હજાર 285 માન્ય ગ્રામ પંચાયતોમાંથી રાજ્યની 346 પંચાયતોને અગ્રણી અને 13 હજાર 781 પંચાયતને 'વધુ સારું પ્રદર્શન' કરનારી શ્રેણીમાં સ્થાન અપાયું છે. આ બંને શ્રેણીઓમાં ગુજરાત દેશમાં ટોચનું રાજ્ય રહ્યું છે. પંચાયત પ્રગતિ સૂચકાંક એ દેશની અઢી લાખથી વધુ ગ્રામ પંચાયતોના ટકાઉ વિકાસ લક્ષ્યોને અનુરૂપ પ્રગતિને માપવા માટેનું એક વ્યાપક મૂલ્યાંકન સાધન છે.

**સમાચાર વિભાગથી રીટા દવે, આકાશવાણી સમાચાર)**

---

# WEATHER

હવામાન વિભાગની આગાહી મુજબ આજે અને ત્યારબાદ 27 એપ્રિલથી 29 એપ્રિલ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે. પવનની દિશા પશ્ચિમથી ઉત્તર પશ્ચિમ રહેશે. અમદાવાદ અને તેના આસપાસના વિસ્તારોમાં મહતમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાશે.

આગામી દિવસ બાદ મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. ગુજરાત રિઝન અને સૌરાષ્ટ્ર-કચ્છમાં 27 એપ્રિલ સુધી મહત્તમ તાપમાન 40 થી 44 ડિગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના હવામાન વિભાગના વડા એ કે દાસે વ્યક્ત કરી છે.

**બાઇટ- એ કે દાસ, હવામાન વિભાગના વડા**

---

# SINH VASTI GANATRI

રાજ્યમાં આગામી 10થી 13 મે દરમિયાન એશિયાઈ સિંહની વસતિ ગણતરી હાથ ધરાશે. 11 જિલ્લામાં કુલ 35 હજાર ચોરસ કિલોમીટર વિસ્તારમાં ત્રણ હજારથી વધુ વનકર્મીઓ આ પ્રક્રિયામાં જોડાશે. આ અંગે સાસણ ગીરના નાયબ વન સંરક્ષક મોહનકુમાર રામે માહિતી આપી હતી.

**(બાઈટ- મોહનકુમાર રામ)**

---

# PANCHMAHAL GUJ FOUNDATION DAY

આગામી 1લી મેં ના રોજ ગુજરાત ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે થશે. રાજ્યપાલ અને મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં 3 કાર્યક્રમો ગોધરા ખાતે યોજાશે.

આ ઉજવણીને લઇને પંચમહાલ વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ થઇ રહી છે..પંચમહાલના કલેક્ટર આશિષકુમારે આ અંગેની વિગતવાર માહિતી આપી હતી.

**બાઈટ : આશિષ કુમાર, જિલ્લા કલેકટર, પંચમહાલ**

---